NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

DIET RAJKOT
तेजस्विनावधीतमस्तु

# FLN- વાચનમાળા – 03

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – રાજકોટ

## વાચન કાર્ડ સામગ્રી

**શિક્ષક તેમજ વાલીઓ મિત્રો,**

**નમસ્કાર !**

NEP 2020 તેમજ NIPUN ભારતના VISION અન્વયે ૩ થી ૮ વર્ષની વય દરમિયાન પ્રત્યેક બાળકમાં (2+1 વર્ષ) પૂર્વપ્રાથમિક શિક્ષણ અને (ધોરણ 1 – 2) પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂતાઇથી રચાઇ જવો જોઇએ. જેથી ધોરણ ૩ પૂર્ણ થતાં પ્રત્યેક બાળક પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાનના કૌશલ્યોને આત્મસાત કરી શકે. NIPUN ભારતનું વિઝન પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનની સમજ સાર્વત્રિક સ્તરે કેળવવા માટેનું વાતાવરણ તૈયાર કરવાનું છે. જેથી ૨૦૨૬-૨૭ સુધીમાં ત્રીજા ધોરણના અંતે અને મોડામાં મોડા પાંચમાં ધોરણ સુધીમાં પ્રત્યેક બાળક વાંચન, લેખન અને અંકજ્ઞાનમાં અપેક્ષિત શૈક્ષણિક કૌશલ ધરાવતું હોય.

વિદ્યાર્થીની વાચન ક્ષમતા સારી હશે તો વાચન એક શિક્ષકની ગરજ સારશે. નબળું વાચન કૌશલ્ય બધા વિષયના અધ્યયનમાં બાધારૂપ બની ખામીયુક્ત અધ્યયન બનાવે છે. સંશોધનો દ્વારા ફલિત થયેલ છે કે વાચન અને વિવિધ વિષયોની જ્ઞાનલબ્ધિ વચ્ચે ધન અને અર્થસૂચક સહસંબંધ રહેલો છે. આથી શિક્ષણમાં વાચન અનિવાર્ય અને મહત્વનું છે. તે માત્ર સાક્ષરતાનું જ નહી પરંતુ પ્રાથમિક શિક્ષણનું પ્રમુખ કૌશલ્ય છે. આથી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવાહપૂર્ણ વાચનનો ગુણવત્તાયુક્ત મહાવરો આપવામાં આવે તે આપણા સૌની ફરજ છે. આ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા શિક્ષકોની સહાય લઇને નિપુણ ભારત અંતર્ગત પાયાની સાક્ષરતાના કૌશલ્યો માટે કૌશલ્યોવાર શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે અલગ અલગ પોથીઓ તૈયાર કરવામાં આવી છે. જેના ભાગ રૂપે વાચન પ્રવાહિતા કૌશલ્ય માટે શિક્ષક તથા વિદ્યાર્થીઓ માટે અલગ અલગ વાચનમાળાઓ તૈયાર કરવામાં આવી છે.

બાળક વાચતા શીખે તેમજ શબ્દ અને વાક્યને પ્રવાહમાં વાંચતો થાય તે રીતે શિક્ષકો માટે ત્રણ વાચનમાળા તૈયાર કરવામાં આવેલ છે. વાચનમાળા ભાગ-૦૧ એ રંગબેરંગી અને ચિત્રાત્મક રજૂઆત સાથે તૈયાર કરવામાં આવી છે. જે ધોરણ- ૧ અને ૨ માં અધ્યાપન કાર્ડ તરીકે મદદરૂપ થાય તે રીતે તેનો ઉપયોગ કરી શકશો. વાચનમાળા ભાગ-૨ એ વાચનમાં નબળા વિદ્યાર્થીઓને માટે બાર દિવસનો વાચન કાર્યક્રમ કરાવી શકાય તે રીતે તૈયાર કરવામાં આવેલ છે. વાચનમાળા ભાગ-૩ એ પણ વાંચનમાં નબળા વિદ્યાર્થીઓને ગતિ વાચન અને સાર્થ વાચન તરફ લઇ જવાના ક્રમિક સોપનમાં તૈયાર કરેલ વાચન કાર્ડ સ્વરૂપે છે. આ ઉપચાર કાર્યક્રમ દસ દિવસનો છે. ભાગ એક વાચન શિક્ષણ માટે મૂળાક્ષર પદ્ધતિએ તૈયાર કરેલ છે. જ્યારે ભાગ ૨ અને ૩ એ ઉપચારાત્મક કાર્યમાં સહાયરૂપ થાય તે રીતે તૈયાર કરેલ છે. વિદ્યાર્થીને વાચતો કરવા આ ત્રણેય ભાગ આપને અધ્યાપનમાં સહાયરૂપ બને તે રીતે તૈયાર કરવામાં આવેલ છે. આપ આપની જરૂરિયાત અનુસાર આ સહાયક સામગ્રીઓનો ઉપયોગ કરી શકો છો.

DIET-RAJKOT

વાચનમાળા ભાગ-૦૪ થી ભાગ ૦૬ એ વિદ્યાર્થીઓના વાચનને પ્રવાહપૂર્ણ બનાવવા માટે તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ક્રમશ: જોડકણાં, બાળગીતો, ચિત્ર વાર્તાઓ, વાર્તાઓ સંકલિત કરીને આપવામાં આવી છે. જે વાચનમાળાઓ વિદ્યાર્થીઓના વાચનને વધુ અર્થપૂર્ણ બનાવશે.

આ ઉપરાંત નિપુણ ભારતમાં સૂચવેલ ભાષા તેમજ સંખ્યાજ્ઞાનના કૌશલ્યોને લઇને ધોરણવાર મહાવરાપોથીઓ તૈયાર કરવામાં આવી છે. જેનો સીધો ઉપયોગ વિદ્યાર્થીઓ સ્વ-અધ્યયન તરીકે  કરી શકે તે રીતે તૈયાર કરવામાં આવેલ છે. જેના અધ્યયન થકી વિદ્યાર્થીઓ પાયાની સાક્ષરતાના કૌશલ્યોને સિદ્ધ કરી શકશે. આશા છે કે, આ વાચન તેમજ મહાવરાપોથી આપના બાળકોના પાયાની સાક્ષરતાને નિપુણતા તરફ દોરી જવા માટે સહાયરૂપ બનશે. આભાર.

**શ્રીમતી મિનાક્ષીબેન રાવલ**
**પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**રાજકોટ**

## આ કાર્ડના ઉપયોગ વિશે....

**આ વાંચન કાર્ડ ત્રણ સોપનમાં રચાયેલ છે. પ્રથમ સોપન એ શબ્દવાંચનનું છે. દ્વિતીય સોપન એ વાચનમાં ગતિ આવે તે રીતે રચાયેલ વાક્ય વાચનનું છે. અને તૃતીય સોપાન એ વિદ્યાર્થી અર્થ સાથે વાચન કરતો થાય તે રીતે સાર્થ વાચન એટલે કે, ફકરા વાચનનું છે. આ કાર્ડ વિદ્યાર્થીઓના વ્યક્તિગત વાચન માટે તૈયાર કરેલ છે. આથી પ્રત્યેક દિવસે વિદ્યાર્થીને ત્રણેય સોપાનમાંથી પસાર થાય તે રીતે વાંચનનો વ્યક્તિગત મહાવરો પૂરો પાડવા માટેનો છે. ૧. વાચન. ૨. ગતિ વાચન ૩. સાર્થ વાચન આ ક્રમમાં કાર્ડ ગોઠવાયેલા છે. આ કાર્ડનો પ્રયોગ પ્રાયોગિક સંશોધનમાં કરેલ અને પરિણામ પ્રાપ્ત થયેલ હતું.**

**તૈયાર કરનાર:**

**શ્રી સોનલબેન ચૌહાણ, લેક્ચરર, ડાયટ – રાજકોટ**

DIET-RAJKOT

## વાચન કાર્ડ – ૧.૧ (વાચન) ન મ ગ જ

### શબ્દ વાચન દિવસ - 01

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| મન | નમ | ગમ | જન | નમન | મનન | ગગન | જનમ |
| ગન | ગમ | ગન | જમ | નજમ | મગજ | ગમન | જગન |
| જન | જમ | ગજ | જગ | | મગન | | |
| નમ | મમ | નગ | ગજ | | | | |
| નગ | મગ | મગ | | | | | |
| | મન | જગ | | | | | |

DIET RAJKOT

વાચન કાર્ડ – ૧.૨ (ગતિ વાચન) ન મ ગ જ

## વાક્ય વાચન દિવસ - 01

| | | |
|---|---|---|
| નમ. | જમ. | જમ. |
| નમન. | મગ. | મગજ. |
| મનન નમ. | મનન જમ. | મનન જમ. |
| ગગન નમ. | મનન મગ જમ. | મનન મગજ જમ. |
| જગન નમ. | ગગન જમ. | ગગન જમ. |
| | ગગન મગ જમ. | ગગન મગજ જમ. |
| | જગન જમ. | જગન જમ. |
| | જગન મગ જમ. | જગન મગજ જમ. |

DIET - RAJKOT

G.N.Salvi (Mo-7801865476)
www.wingofeducation.com

વાચન કાર્ડ – ૧.૩ (સાર્થ વાચન) ન મ ગ જ

## ફકરા વાચન ૧.૩.૧

દિવસ - 01

નમ. મનન નમ. જમ. મનન જમ. મમ મમ જમ. મગ

જમ. મગજ જમ. મનન મગ જમ. મનન મગજ જમ.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

નોંધ : ફકરા વાચન થયું છે કે નહીં તે જાણવા માટે સવાલ પૂછવા. કોણ નમન કરે છે ? કોણ જમે છે ? મનન શું કરે છે ? કોને મગ ખાવાનું કહે છે ? કોને મગજ ખાવાનું કહે છે ? મનનને શું શું ખાવાનું કહેવામાં આવે છે ? ..... વગેરે. આ ફકરામાં મનનના બદલે મગન નામ લખીને ફકરો બનાવો.

DIET - RAJKOT


www.wingofeducation.com

વાચન કાર્ડ – ૧.૩ (સાર્થ વાચન) ન મ ગ જ

## ફકરા વાચન ૧.૩.૨ દિવસ - 01

નમ. ગગન નમ. જમ. ગગન જમ. મમ મમ જમ. મગ જમ.

મગજ જમ. ગગન મગ જમ. ગગન મગજ જમ.

..............................................................................

..............................................................................

..............................................................................

નોંધ : ફકરા વાચન થયું છે કે નહીં તે જાણવા માટે સવાલ પૂછવા. કોણ નમન કરે છે ? કોણ જમે છે ? ગગન શું કરે છે ? કોને મગ ખાવાનું કહે છે ? કોને મગજ ખાવાનું કહે છે ? ગગનને શું શું ખાવાનું કહેવામાં આવે છે ? ..... વગેરે. આ ફકરામાં ગગનના બદલે નમન નામ લખીને ફકરો બનાવો.



DIET - RAJKOT

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com

## વાચન કાર્ડ – ૨.૧ (વાચન)

વ ર સ દ ા

### શબ્દ વાચન – ૨.૧.૧

દિવસ - 02

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નવ | નાવ | નર | નાર | રન | રાન | નસ | નાસ | વદ | દાદા |
| જવ | જાવ | મર | માર | રમ | રામ | જસ | સજા | રદ | મારા |
| દવ | દાવ | જર | જાર | રગ | રાગ | વસ | વાસ | દમ | સગા |
| રવ | રાવ | વર | વાર | રજ | રાજ | રસ | સાર | દવ | સાર |
| વન | વાન | સર | સાર | રસ | રાસ | દસ | દાસ | દર | વારા |
| વર | વાર | દર | દાર | રવ | રાવ | સમ | સામા | દસ | સારા |
| વસ | વાસ | વા | નારા | રદ | રાજા | સગ | સાગ | મામા | ના |
| વદ | વાદ | જા | મારા | સર | મા | સજ | સવા | નાના | ગા |

DIET RAJKOT



www.wingofeducation.com

વાચન કાર્ડ – ૨.૧ (વાચન) વ ર સ દ ા

શબ્દ વાચન – ૨.૧.૨ દિવસ - 02

| | | | | | |
|---|---|---|---|---|---|
| દરદ | નગર | સવાર | ગાજર | નારદ | વનરાજ |
| વરદ | મગર | નવા | ગાગર | દાનવ | વરસાદ |
| વસન | ગગન | નાગર | નાગર | માનવ | વરરાજા |
| સદન | મગન | મારગ | સાગર | રાજન | રામરામ |
| દમન | વરસ | મમરા | સાબર | સારસ | રામનામ |
| વમન | તરસ | સમાજ | સાજન | ગરાસ | દરવાન |
| નજર | સરસ | સમાન | જાજમ | વામન | દરવાજા |

વાચન કાર્ડ – ૨.૨(ગતિ વાચન) ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ા

## વાક્ય વાચન – ૨.૨.૧

દિવસ - 02

| | | |
|---|---|---|
| મા. | મામા. | દાદા. |
| મારા મા. | મારા મામા. | મારા દાદા. |
| સારા મા. | સારા મામા. | સારા દાદા. |
| મારા રમા મા. | મારા મનન મામા. | મારા જગા દાદા. |
| મારા રમા મા સારા. | મારા મનન મામા સારા. | મારા જગા દાદા સારા. |

DIET-RAJKOT

વાચન કાર્ડ – ૨.૩ (સાર્થ વાચન) ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ા

## ફકરા વાચન - ૨.૩.૧ દિવસ - 02

મારા મા. મારા રમા મા. મારા રમા મા સારા. મનન મામા મારા. મારા મનન મામા સારા. જગન મારા દાદા. મારા જગન દાદા સારા. મગન મારા નાના. મારા મગન નાના સારા. મારા મા, મામા, દાદા, નાના સારા.

પૂરો અને લખો.

મારા મા. મારા ................ મા. મારા ............... મા સારા. મારા ................. મામા. મારા ..................... મામા સારા. ................... મારા દાદા. મારા ................ દાદા સારા. ................ મારા નાના. મારા ................ નાના સારા. મારા મા, મામા, દાદા, નાના સારા.

નોંધ : ફકરા વાચન થયું છે કે નહીં તે જાણવા માટે સવાલ પૂછવા. માનું નામ શું છે? મામાનું નામ શું છે ? .... ફકરામાં કોની વાત છે? .કરામાં કોની કોની વાત આવે છે ? ..... વગેરે. આ ફકરામાં ખાલીજગ્યામાં તમારા મા, મામા, દાદા અને નાનાના નામ લખી ફકરો ફરી લખો.



DIET - RAJKOT

વાચન કાર્ડ – ૨.૨(ગતિ વાચન) ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ા

## વાક્ય વાચન - ૨.૨.૨

દિવસ - 02

| | | |
|---|---|---|
| જા. | ગા. | રમ. |
| ગામ જા. | સરસ ગા. | રાસ રમ. |
| રામ ગામ જા. | જગા ગાન ગા. | રમા રાસ રમ. |
| રામ મારા ગામ જા. | જગા સરસ ગાન ગા. | રમા સરસ રાસ રમ. |

DIET - RAJKOT

વાચન કાર્ડ – ૨.૩(સાર્થ વાચન) ન, મ, ગ, જ, વ, ૨, સ, દ, ા

## ફકરા વાચન - ૨.૩.૨

દિવસ - 02

રજા. મજા જ મજા. જાવ. રમવા જાવ. નગરમાં જાવ. ગામ જાવ. રાજ, મગન, રમા જાવ. મામાના નગર જાવ. વનરાજ મામાના નગર જા. મગન દાદાના ગામ જા. રમા માસાના ગામ જા. જાવ રમવા જાવ. ગાન ગાવા જાવ. રાસ રમવા જાવ. જાવ, મજા જ મજા.

નોંધ : ફકરા વાચન થયું છે કે નહીં તે જાણવા માટે સવાલ પૂછવા. ક્યાં જવાનું કહે છે ? શા માટે ગામ જવાનું કહે છે ? શું કરવાનું કહે છે ? કોણ ક્યાં જાય છે? ..... વગેરે.



DIET - RAJKOT

# વાચન કાર્ડ – ૩.૧ (વાચન) ક બ અ છ િ ી

## શબ્દ વાચન દિવસ - 03

DIET - RAJKOT

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| બાગ | અજબ | બાર | કાતર | કાકા | કાકી | બકરી | દાજી | અકબર |
| કાગ | ગજબ | છ-સાત | માતર | મામા | મામી | દીકરી | હાજી | અજગર |
| છાસ | અમન | છારી | બાકસ | નાના | નાની | દીકરા | વરસી | બકબક |
| આગ | કબર | બીજા | કાબર | દાદા | દાદી | રકાબી | જરસી | કામકાજ |
| કાર | રબર | આકરા | સાકર | માસા | માસી | કાબરી | વીસ | બરાબર |
| છાવ | ગબર | દાદર | બજાર | કવિ | નદી | છીછરી | બાવીસ | ગરકાવ |
| આવ | મારી | જબરા | જરીક | રવિ | બાકી | જબરી | તેવીસ | કામદાર |
| છાબ | બારી | અમારા | કીકી | દીવા | માજી | ગરમી | રવિવાર | દરવાન |
| | | | | | | | | આમરસ |

વાચન કાર્ડ– ૩.૨(ગતિ વાચન) ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ ા,િ ી

## વાક્ય વાચન - ૩.૨.૧

દિવસ - 03

| | | |
|---|---|---|
| નદી | વરસ વરસ. | ગરમ જરસી. |
| નાની નાની નદી. | વરસાદ વરસ. | નાની કીકી. |
| નદીમાં નાવ. | છમ છમ છમ છમ. | સરસ સાકર. |
| બારી. | મારા કાકા. | મીના આવ. |
| આ બારી. | મારા કાકી. | રીમા આવ. |
| આ બારી નાની. | આ મારા કરસન કાકા. | બીના આવ. |
| આ નાનકી બારી સરસ. | આ મારા દીના કાકી. | અકબર આવ. |

DIET-RAJKOT

ફકરા વાચન - 3.3(સાર્થ વાચન) ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ ા,િ ી

## ફકરા વાચન – 3.3.૧

દિવસ - 03

વરસ વરસ. વરસાદ વરસ. વનમાં વરસ, રાનમાં વરસ. નગરમાં વરસ, ગામમાં વરસ. વાવમાં વરસ, બાગમાં વરસ. બસ, વરસાદ વરસ વરસ. છમછમ છમછમ છમછમ વરસ. નદી છમ છમ છમાક છમ. નદીમાં નાની નાવ. નાવ સરી સરરર સરરર.

DIET RAJKOT

નોંધ : ફકરા વાચન થયું છે કે નહીં તે જાણવા માટે સવાલ પૂછવા. કોને વરસવાનું કહે છે? ક્યાં ક્યાં વરસવાનું કહે છે ? નદીમાં શું તરે છે ? નાવ કેવી રીતે સરકે છે ? વરસાદ કેવી રીતે વરસે છે ? ધોધમાર કે ધીમે ધીમે ? કઇ રીતે ખબર પડી ?

વાચન કાર્ડ– ૩.૩(સાર્થ વાચન) ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ ા,િ ી

## ફકરા વાચન – ૩.૩.૨

દિવસ - 03

મીના આમ આવ, કામકાજ કર. રીમા આમ આવ, નમન કર. બીના આમ આવ, મગ જમ. નીના આમ આવ, રમત રમ. અકબર આમ આવ, નાવ બનાવ. સીમા આમ આવ, વિમાન બનાવ. વનરાજ આમ આવ, છમ છમ કર. ગીતા આમ આવ, ગાન ગા. રીના આમ આવ, છાસ બનાવ.

DIET - RAJKOT

નોંધ : ફકરા વાચન થયું છે કે નહીં તે જાણવા માટે સવાલ પૂછવા. આ ફકરામાં કોને શું કામ કરવાનું કહેવામાં આવે છે ? તે કહો. વિમાન કોણ કનાવશે ? મગ કોણ જમશે ? ગીત કોણ ગાશે ? ........

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com

વાચન કાર્ડ – ૪.૧ (વાચન) પ ડ ત ણ ે ૈ ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ ા,િ ી

## શબ્દ વાચન - ૪.૧.૧

દિવસ - 04

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પડ | જપ | તરત | તાપ | પાન | તારણ | અણી | તે | એરણ | પૈસા | આસપાસ |
| અડ | પગ | રતન | તાડ | પાસ | મારણ | પડી | તમે | બેબી | સૈકા | નાસીપાસ |
| જડ | પદ | ડગર | પાડ | પાપડ | નારણ | વાડી | અમે | વિવેક | ઐરાવત | તસકરી |
| તડ | મદ | સગડ | તાણ | કાવડ | દાતણ | સાડી | મને | કેરી | સૈનિક | પૈસાદાર |
| દડ | કણ | નગદ | આણ | તાપી | વાસણ | આડી | એને | રેતી | આવરણ | જમાદાર |
| વડ | રણ | ડણક | છાણ | સરિતા | બારણા | જાડી | અને | વેવાણ | રમકડાં | સવાર-સાંજ |
| સડ | મણ | જકડ | બાણ | વનિતા | નાપાસ | પછી | બને | એક-બે | રાજારાણી | દિવસ-રાત |

DIET-RAJKOT



www.wingofeducation.com

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com

વાચન કાર્ડ – ૪.૧ (વાચન)

પ ડ ત ણ ે ૈ ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ ા,િ ી

## શબ્દ વાચન - ૪.૧.૧

દિવસ - 04

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અડ | જણ | માતા | બડબડ | ગડગડાટ | નાવડી | તીર | ગમે | એક | ગદગદિત |
| નડ | પણ | તાન | તડતડ | સડસડાટ | તાવડી | બરણી | જમે | બે | આગગાડી |
| ડગ | વાત | પાક | પડતર | તડતડાટ | વાવડી | ગરણી | નમે | તેર | હવેપછી |
| ડર | તાવ | સાત | જડતર | કવિતા | પાપડી | પારગી | આપે | વેર | ગરવે-સાદે |
| તપ | તાર | પાસ | નડતર | સવિતા | કાકડી | છાપરી | કાપે | દેર | નરવે-સાદે |
| સડક | તાત | નાપાસ | નવતર | માબાપ | ડમરી | છતરી | માગે | છે | એકવીસ |
| કડક | વાડ | જાણ | મગતરા | પછડાટ | પિતા | ગગરી | વાડે | કેડ | તેવીસ |
| ગણ | કાણ | માણસ | અજગર | પીપ્ પીપ્ | બકરી | નગરી | પાડે | નેણ | દેરાણી |

DIET-RAJKOT

18

## વાચન કાર્ડ– ૪.૨ (ગતિ વાચન) પ, ડ, ત, ણ, ે ૈ અને ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ ા, િ ી

### વાક્ય વાચન - ૪.૨.૧

દિવસ - 04

| | | |
|---|---|---|
| રમકડાં. | એક ગામ. | બા આવે છે. |
| રમકડાંની ગાડી. | ગામમાં એક મંદિર. | દાદા આવે છે. |
| નાની નાની ગાડી. | મંદિરમાં દેવ અને દેવી. | દાદી આવે છે. |
| રાતી રાતી ગાડી. | મંદિરમાં એક બાગ. | મામા આવે છે. |
| મીના તારી નાની ગાડી. | બાગમાં આવે કાબર. | મામી આવે છે. |
| મીના તારી રાતી ગાડી. | મંદિરમાં એક વાવ. | માસી આવે છે. |
| સર સર સર સરે ગાડી. | વાવમાં પાણી. | કાકા આવે છે. |
| | કાબર પાણી પીવે. | કાકી આવે છે. |

DIET- RAJKOT

## ફકરા વાચન - ૪.3(સાર્થ વાચન) પ, ડ, ત, ણ, ે ૈ અને ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ ા, િ ી

### ફકરા વાચન – ૪.3.૧ દિવસ - 04

DIET - RAJKOT

વાવડી નામે ગામ છે. તે ગામમાં મારા માસા અને માસી વસે છે. માસા-માસી પાસે એક રાતી બકરી છે. એ બકરી નાની અને સરસ છે. તે દિવસ-રાત બેં બેં બેં કરે છે. તે સડસડાટ પાણી પીએ અને સરરર સરરરર અવાજ કરે. તેને જરીક પણ જપ નહી. તે બકરી મને ગમે.

માસાના ગામમાં એક વાવ છે. તે વાવ ગામના સીમાડે છે. વાવમાં પાણી છે. વાવને બાવીસ દાદર. તેની અંદર બે મંદિર અને એક નાનકડી દેરી. દેરીમાં માતાજી. માસાના ગામમાં એક બાગ પણ છે. બાગ ગામના પાદરે છે. બાગમાં મજા આવે. મને વાવડી ગામ ગમે છે.

નોંધ : ફકરા વાચન થયું છે કે નહીં તે જાણવા માટે સવાલ પૂછવા. કયા ગામની વાત છે ? વાવડી ગામે કોણ વસે છે? વસવું એટલે શું? માસાના ગામમાં શું શું આવેલ છે? દિવસ-રાત એટલે શું? સડસડાટ એટલે શું? જપ ના વળવો એનો અર્થ શું થાય? જરા પણ શાંતિ ના વળવી એ માટે આ ફકરામાં કયો શબ્દ વાપરવામાં આવ્યો છે? દેરી એટલે શું? સીમાડો એટલે શું ? પાદર એટલે શું ? .....વગેરે માહિતીપ્રદ અને તાર્કિક સવાલ પૂછવા. જેથી અર્થગ્રહણ વધારે સારુ બને તે રીતે પુન:વાચન કરી શકે.

## ફકરા વાચન - ૪.૩(પ્રવૃત્તિ) અર્થગ્રહણ

દિવસ - 04

**ફકરા વાચન** ફકરો વાંચો અને તેની નીચે આપેલ અર્થ માટે વપરાયેલ શબ્દો ફકરામાંથી શોધો અને કહો.

વાવડી નામે ગામ છે. તે ગામમાં મારા માસા અને માસી વસે છે. માસા-માસી પાસે એક રાતી બકરી છે. એ બકરી નાની અને સરસ છે. તે દિવસ-રાત બેં બેં બેં કરે છે. તે સડસડાટ પાણી પીએ અને સરરર સરરરર અવાજ કરે. તેને જરીક પણ જપ નહી. તે બકરી મને ગમે.

માસાના ગામમાં એક વાવ છે. તે વાવ ગામના સીમાડે છે. વાવમાં પાણી છે. વાવને બાવીસ દાદર. તેની અંદર બે મંદિર અને એક નાનકડી દેરી. દેરીમાં માતાજી. માસાના ગામમાં એક બાગ પણ છે. બાગ ગામના પાદરે છે. બાગમાં મને મજા આવે. મને વાવડી ગામ ગમે છે.

આખો દિવસ = ________________ ગામના છેડે = ________________

નાનકડું મંદિર = ________________ શાંતિ ના વળવી = ________________

થોડું પણ = ________________ લાલ રંગની = ________________

બગીચો = ________________ પગથિયા વાળો કૂવો = ________________

DIET - RAJKOT

વાચન કાર્ડ – ૫.૧ (વાચન) લ, ટ, ચ, ખ, ો, ૌ, (પ, ડ, ત, ણ, ે ૈ, ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ ા, િ ી)

દિવસ - 05

## શબ્દ વાચન - ૫.૧.૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| લટ | ચા | ટપાલ | ટપાલી | મોં | તડકો | કોણ | ખટપટ | દોડાદોડી |
| ચટ | ખા | લાડવા | ચકલી | મોર | વગડો | બપોર | ચટપટ | ગલગોટો |
| નટ | ખાલ | લાપસી | ચપટી | મોજ | કાગડો | લીમડો | લટચટ | પરપોટો |
| તટ | બાલ | ચબરાક | ખીચડી | જોર | લાવો | આંબો | નટખટ | નાના-મોટા |
| વટ | લાલ | સરપાવ | રાખડી | જોડ | ચાવો | મોગરો | પટપટ | ચોખવટ |
| ચડ | પાલ | માકડ | તીડ | જોમ | બચાવો | ખોબો | ખટપટ | ચમકતો |
| ખડ | ટાલ | લટાર | ખેસ | કોર | લાડવો | ધોરણ | નપાવટ | પછડાટ |
| નડ | વાવ | ટપાલ | ખેતર | દોર | માવો | મોલ | બારેમાસ | પરપોટો |

DIET - RAJKOT

વાચન કાર્ડ – ૫.૧ (વાચન) લ, ટ, ચ, ખ, ો, ૌ, (પ, ડ, ત, ણ, ે ૈ, ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ ા, િ ી)

## શબ્દ વાચન - ૫.૧.૨

દિવસ - 05

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| લડ | વરખ | કારતક | વૈરાગી | બોર | બાવો | સાદો | સટરપટર | લબલબાટ |
| અડ | જરખ | માગસર | લીલીછમ | પોર | ખાવો | ખાટો | અટરપટર | ખડખડાટ |
| નખ | ગટર | ચૈતર | ચોખટ | ચોર | પટારો | કોલસો | કચરબચર | સડસડાટ |
| લખ | ડણક | આસો | છોડવા | રોજ | ખટારો | લખોટી | મનમોજીલો | ખોરી દાનત |
| જખ | લસણ | સાચો | સોબત | ચોખા | બાજરો | ટીટોડી | નાનકડો | લોટો પાણી |
| ખલ | જટા | સાકડો | ધોરણ | ચોરસ | આટો | ખડીયો | સબડકો | છાંટો ચા |
| ખસ | રાખ | આકડો | ચોવટ | ગોરસ | ખોટો | ચીપિયો | નાનો-મોટો | ખાટો રસ |
| ખગ | ચાખ | પાટલો | ચોપાટ | મોરસ | બાકડો | ટોપી | સાચો-ખોટો | તીખો રસ |
| ખર | સાખ | ખાટલો | તોરણ | છોકરા | ચાકડો | ચોક | લપસિયા | ખારો રસ |
| કલમ | નાખ | ચાંદલો | ટેબલ | ટોપરા | ટીકો | ચોપડી | લસરણી | |

23

DIET-RAJKOT

વાચન કાર્ડ– પ.૨ (ગતિ વાચન) લ, ટ, ચ, ખ, ો, ૌ, (પ, ડ, ત, ણ, ે ૈ, ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ ા, િ ી)

## વાક્ય વાચન - પ.૨.૧

દિવસ - 05

| | |
|---|---|
| બા લાડવો બનાવે છે. | પાણીનો પરપોટો. |
| કેરીનો રસ ખાવો છે. | કડવો લીમડો. |
| છોકરાવ લંગડી રમે છે. | નાનકડો બાકડો. |
| વૈરાગી બાવો આવે છે. | ખોરાક ચાવો. |
| બારણાં ખખડાવે છે. | પાણી બચાવો. |
| રમતા છોકરા જોવે છે. | વરસાદ લાવો. |
| બાવો ચપટી ખીચડી માગે છે. | તડકો આકરો. |
| બાવો ખોબો આટો માગે છે. | નાનો-મોટો પરપોટો. |

DIET - RAJKOT

**વાચન કાર્ડ– ૫.૨** (ગતિ વાચન) **લ, ટ, ચ, ખ, ો, ૌ, (પ, ડ, ત, ણ, ે ૈ, ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ ા, િ ી**

## વાક્ય વાચન - ૫.૨.૨ દિવસ - 05

(પ્રવૃત્તિ) વાંચો અને વાર્તા બનાવી ફકરો લખો.

| | |
|---|---|
| સૌરભ અને ગૌતમ નામે બે છોકરા. | તેમની પાસે રંગબેરંગી ટોપીઓ. |
| ટોપીઓ વેચવા ગામે-ગામ આવ-જા કરે. | એક દિવસની વાત છે. |
| કોકવાર બસમાં તો કોકવાર રેલ ગાડીમાં આવનજાવન કરે. | ટોપીઓ વેચવા રાજકોટ નગરે આવે છે. |
| નાની ટોપીઓ પણ ખરી અને મોટી ટોપીઓ પણ ખરી. | નગરમાં તો ગરદી. |
| તેમની પાસે જાજી ટોપીઓ. જાત-જાતની ટોપીઓ. | કેટલીક ટોપી પર છોગા પણ ખરા. |
| લાલ ટોપીઓ, લીલી ટોપીઓ. | તેઓને વારંવાર તરસ લાગે. |
| નગરમાં તો તાપ પણ આકરો પડે. | તરસ જ ના છીપે. રસ પીએ. |
| રોડ પર આમતેમ જોવે છે. | રસનો ચિચવો નજરે ચડે છે. |

કોની વાત કરવામાં આવી છે ? સૌરભ અને ગૌતમ વચ્ચે શું સંબંધ હશે ? તમને કેમ એવું લાગે છે ? તસૌરભ અને ગૌતમ શું કામ કરતા હતા ? સૌરભ અને ગૌતમની પાસે કેવી કેવી ટોપીઓ હતી ? તેઓ કયા નગરે જાય છે ? નગરમાં તેઓને કેવા અનુભવ થાય છે ? તેઓ બંને આગળ શું કરશે એ કહી શકશો ? આ પરથી ફકરો બનાવી લખો.



DIET-RAJKOT

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com

## ફકરા વાચન - પ.3(સાર્થ વાચન) લ, ટ, ચ, ખ, ો, ૌ, (પ, ડ, ત, ણ, ે ૈ, ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ ા, િ ી

### ફકરા વાચન – પ.3.૧ **દિવસ - 05**

મારા પરિવારમાં દાદા, દાદી, માતા, પિતા, કાકા, કાકી, મૌલિક, લલિતા અને ખેવના છીએ. મને સૌ લાડમાં લાલો બોલાવે છે. અમે સવારે દાદા-દાદીને વંદન કરીએ. દાદા અને દાદી અમને રોજ વારતા કરે. અમને લાડ લડાવે. મારા પાપા મોટા અને કાકા નાના. અમે માતા-પિતાને કામમાં મદદ કરીએ. માતા-પિતા અમને ચોકલેટ આપે. અમે કાકા-કાકીને પણ કામમાં મદદ કરીએ. કાકા અમને રમતો રમાડે. કાકી અમને રમકડાં રમવા આપે. અમે મોટાને માન આપીએ છીએ. વિનયથી વાત-ચીત કરીએ છીએ. આ મારો પરિવાર છે. મને મારો પરિવાર ગમે છે.

**નોંધ : ફકરા વાચન થયું છે કે નહીં તે જાણવા માટે સવાલ પૂછવા.** કોના કુટુંબની વાત કરવામાં આવી છે ? કુટુંબ માટે કયો શબ્દ વાપરવામાં આવ્યો છે ? લાલોને એ કેટલા ભાઇ બહેન છે ? તમને શું લાગે છે, લાલો બધામાં નાનો હશે કે મોટો ? વાર્તા કોણ કહે છે ? રમતો કોણ રમાડે છે ? ચોકલેટ કોણ આપે છે ? છોકરાવ ઘરમાં કોને કોને મદદ કરે છે ? તમારા પરિવાર વિશે આ પરથી ફકરો બનાવો. તમારા મિત્રને તમારા પરિવાર વિશે કહો અને લખો.

DIET-RAJKOT



www.wingofeducation.com 

વાચન કાર્ડ – ૬.૧ (વાચન) ઝ, હ, ઘ, ળ, (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

## શબ્દ વાચન – ૬.૧.૧

**દિવસ - 06**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ઝખ | ઘર | ઝણકાર | ઝાકળ | હાડમાર | ઝીક | ઝાળી | ઝેરી | હેરાનગતિ |
| ઝટ | ઘચક | હકાર | ઝાડ | ઘાટ | ઝીણવટ | પીળી | હેડકી | હેરાફેરી |
| ઝડપ | ઘટ | હજામત | ઝાટકણી | ઘાણ | ઝીલ | માળી | હેડમાસ્તર | ઘેબર |
| ઝપટ | ઘટક | હજાર | ઝાડી | ઘાત | હિચકી | પાળી | હેડલાઇટ | ઘેન |
| ઝગમગ | ઘડપણ | હજી | હાજર | ઘાવ | હિજરત | આંગળી | હેત | ઘેરદાર |
| ઝટપટ | ઝગઝગાટ | ઘડઘડાટ | હાડપિંજર | ઘાસ | હિતકારી | હીરાકણી | હેતાળ | ઘેલછા |
| હક | ઝગમગાટ | ઘટાદાર | હાક | હીરા | હિમગિરિ | ઘીચીપીચીં | હેમંત | ઝપટ મારવી |
| હકબક | નળ | જાળ | હાહાકાર | ઝાકળ | હિમાળો | ઘીસાઘીસ | હેમગિરિ | ઝડતી લેવી |
| હસ | હળ | ખાળ | હળાહળ | ઝાલર | હીંચકો | ઘાસપુસ | હેરફેર | હક માગવો |
| હજરત | પળ | લાળ | નાળ | હારજીત | નળીયા | | ગળે પડવું | |
| ઝળહળ | | રાઘવ | આંગળા | | | | રહેમ | |
| | | | | | | | બહેન | |

DIET-RAJKOT

વાચન કાર્ડ – ૬.૧ (વાચન) ઝ, હ, ઘ, ળ, (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

## શબ્દ વાચન – ૬.૧.૨ દિવસ - 06

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ઝોલું | હોનારત | ઝૂલણિયું | ઘુવડ | ઘૂમરી | ઝગડાખોર | ઝાપટઝૂપટ | હડકાયું ઝડપભેર |
| ઝોળી | ઘોડો | ઝુલાવું | ઘુસણખોર | ઘૂસણખોર | ઝટકાવવું | ઝઝૂમવું | ઝગારા મારવા |
| હોકારો | ઘોચપરોણી | ઝુરાપો | ઘુઘવાટ | મૂંછાળો | ઝગમગિયું | ઝનૂની | ઝઘડો કરવો |
| હોળી | ઘોડાગાડી | ઝૂંટાઝૂંટ | ઘુઘરિયાળું | સીમળો | ઝાપટવું | ઝાડઝૂડ | વિજળી ઝબકે |
| હોહાકાર | ઘોડાપૂર | ઝૂલવું | ઘૂંટણ | બંબાવાળો | ઝાકળિયું | ઝટાઝટી | ઘૂઘરી ઘમકે |
| હોકો | ઘોડાવેગે | ઝૂંપડી | ઘંટણભેર | ઘી વાળો | ઝટકો | ઓળ-ઘોળ | છોગાળા છોડો |
| હોકારો | ઘોડી દોડી | ઝૂંપડું | ઘૂઘરમાળ | ઝાળીવાળો | ઝાટકો | ઝડપવું | ઝાડે ઝૂલવું |
| હોજરી | ઘોડેસવાર | હુમલો | ઘૂઘરો | ગાડીવાળો | ઝઘડાળું | ઝડપાવવું | ઘોડો ઘૂઘરીવાળો |
| હોડી | ઘોળવું | હુલામણું | ઘૂઘરી | પાણીવાળો | ઝઘડવું | ઝણઝણવું | ઘાંચીનો બળદ |
| ઝોળો | ઝણઝણ | હુમલાખોર | ઘૂઘવવું | ઝાડુવાળો | નાળું | રમકડાંવાળો | કાળી ઝોળી |
| ખોળો | અઘોર | હૂક | કચરીયું | | લુહાર | વાંસળીવાળો | ઘોર ખોદવી |

DIET - RAJKOT

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com

**વાચન કાર્ડ– ૬.૨** (ગતિ વાચન) **ઝ, હ, ઘ, ળ,** (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

## વાક્ય વાચન - ૬.૨.૧

**દિવસ - 06**

| | |
|---|---|
| બેન હાજરી પૂરે છે. | મૂંછાળો ઘોડેસવાર તબડક તબડક કરતો આવે છે. |
| ઘોડાગાડીવાળો આવે છે. | હજારો માણસો ટોળે વળેલાં છે. |
| હોડી હાલક-ડોલક હલે છે. | ઝૂંપડા નજદીક ઘોડો અટકે છે એટલે ઘોડેસવાર હબકે છે. |
| હરણાં ઘાસ પાસે છે. | હોળી રમતાં છોકરાવ રુવાબદાર ઘોડેસવારને ઘેરી વળે છે. |
| ઘુવડ રાતે જાગે છે. | ઘોડાને ગાંડોતૂર દોડતો જોઇ છોકરા હાહાકાર કરે છે. |
| ઘોડી ઝડપી દોડે છે. | હૂમલાખોરો ઝૂંપડી પાસે ઘૂંટણભેર છે. |
| હેમા હિંચકે ઝૂલે છે. | હૂમલાખોરો ઝોળા માટે ઝઘડે છે. |
| બા ઝાપટ-ઝૂપટ કરે છે. | ઝઘડો કરવો એ સારી વાત નથી. |
| ઘરડા દાદા હૂકો ગગડાવે છે. | વાંદરાએ કેળાંની લૂમ પર ઝાપટ મારી. |
| બાનો ખોળો, લાગે રુપાળો. | છોકરીઓ ગરબે ઘૂમે છે. તેમના ઘેરદાર ઘાઘારામાં ઘૂઘરીઓ ઝણકાર કરે છે. |
| ઝરુખે દીવા ઝળહળ બળે છે. | |

DIET-RAJKOT



www.wingofeducation.com

**વાચન કાર્ડ– ૬.૨** (ગતિ વાચન) **ઝ, હ, ઘ, ળ,** (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

## વાક્ય વાચન - ૬.૨.૨

**દિવસ - 06**

| | |
|---|---|
| • ઝાંઝમેર નામે નાનકડું ગામ.<br>• ગામમાં સલીમ નામે છોકરો રહે.<br>• સલીમને સૌ હુલામણા નામે બોલાવે, 'ઘેલો'.<br>• સલીમના બા-બાપુ ન હતા.<br>• તે તેના ઘરડા મા સાથે રહે.<br>• ઝૂંપડા જેવું ઘર તે તેનો રાજમહેલ.<br>• રાતે માના ખોળામાં સૂએ.<br>• તેના મા તેને સાચું જ બોલવાનું કહે.<br>• સલીમ હરદિન સાચું બોલે. | • એક દિવસની વાત છે. ઘેલો ખેતરમાં નાળા વાળતો હતો.<br>• એક ઘોડેસવાર આવે છે.<br>• તેની પાછળ હજારો માણસો હોંકારા પડકારા કરતા આવે છે.<br>• ઘોડેસવાર અતિ ઝડપે એક ઝોળી નાખી જતો રહે છે.<br>• ઘેલો હબકે છે અને ઝોળી સામે જુએ છે.<br>• ઝોળી ઝળહળ ઝળહળ ઝબકે છે જાણે કે તેમાં હીરા ઝવેરાત !<br>• ઘેલો હજુ તો ઘૂંટણભેર ઝોળી પાસે બેસે એવામાં હજારો માણસો તેને ઘેરી વળે છે.<br>• એક માણસ તેને પકડે છે ને બીજો તેની ઝડતી લે છે..... |

(પ્રવૃત્તિ) વાંચો અને અધૂરી વાર્તા પૂરી કરો અને ફકરો લખો. કોની વાત કરવામાં આવી છે ? તમને શું લાગે છે? સલીમ આગળ શું કરશે ? હજારો માણસોને જોઇ સલીમ શું અનુભવતો હશે ? હવે આગળ શું થશે એ કહી શકશો ? આ પરથી ફકરો બનાવી લખો.

DIET-RAJKOT

## ફકરા વાચન - ૬.૩(સાર્થ વાચન) ઝ, હ, ઘ, ળ, (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

## ફકરા વાચન – ૬.૩.૧ દિવસ - 06

એક ઘનઘોર અને ઘટાદાર જંગલ. જંગલમાં નાના-મોટા બહુ જ ઝાડવાઓ. જંગલમાં એક ઝરણું અને ચાર પાંચ નાના નાળાં. એ વનમાં હેમગિરિ જેવો નાનકડો ડુંગર. ડુંગર તળે લીલુંછમ ઘાસનું મેદાન. ઘાસના મેદાનમાં હરણાંઓ ચરે. ઝરણાં પાસેના ઝાડવાઓ પર પંખીઓના માળા. દિવસે પંખીઓ કલરવ કરે ને હરણાં, સસલાંઓ હરે-ચરે ને રુમઝુમ નાચે. દિવસના રાજા પંખીઓ તો રાતના રાજા ધુવડો ! વાનરાઓ તો દિન-રાત ઝાડે ઝાડે કૂદે ને ઝટાઝટી કરે. ઝાડનાં પાનડાંઓ ઝૂમે તો લાગે કે જાણે ઝાલર વાગે ! હરણાં, સસલાં, વાનરો, વાઘ, દીપડાં, વરુ, રીંછ હળી-મળીને રહે ને આખું જંગલ વનરાજ સિંહના નેજામાં મોજ કરે.

**નોંધ : ફકરા વાચન થયું છે કે નહીં તે જાણવા માટે સવાલ પૂછવા.** કોની વાત કરવામાં આવી છે ? જંગલ કેવું દર્શાવ્યું છે ? જંગલમાં કયા કયા પ્રાણીઓ રહે છે? ધુવડને રાતનો રાજા કેમ કહ્યો હશે ? તમને શું લાગે છે કે આ જંગલના નાના પ્રાણીઓને વાઘ-દીપડાનો ભય કેમ નહી લાગતો હોય ? જંગલ વિશે હજુ વધુ વાતો દર્શાવતો ફકરો બનાવો અને લખો. તમારા મિત્રને જંગલની વાત કહો.



DIET-RAJKOT

## વાચન કાર્ડ – ૭.૧ (વાચન) ભ, ય, ધ, ફ (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ઝ, હ, ઘ, ળ, ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

### શબ્દ વાચન – ૭.૧.૧ દિવસ - 07

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ભય | ભાર | ભિખારણ | ભેટ | ચેનકેન | ભૂગોળ | ફૂલ | ભોજન | ફોજ |
| ભર | ભારત | ભિખારી | ભેરુ | ફેરફાર | ભૂમિતિ | ફૂલગજરો | ભોગભૂમિ | ફોજદાર |
| ફર | ભાગ | ભીમસેન | ભેંકડો | ભૈરવ | ભૂમિકા | ફૂલગુલાબી | ભોમકા | યોગી |
| ફરજ | ભાગલા | ભીંત | ભેકાર | ભૈરવ | ભાડભૂંજો | ફૂલછોડ | યમ | યોગીરાજ |
| યજન | ભાજક | ભીડ | ભેખડ | ધૈવત | યમદૂત | ફૂલડું | યમલોક | ધોરણ |
| યમ | ભાટ ચારણ | ભીડભાડ | ભેખધારી | ફૈબા | ફેરફૂદડી | ફૂલદાની | યોગ | ધોકણી |
| યમસદન | યમરાજ | ભીડભંજક | ભેજાબાજ | ફાટેલ | ફેરકુદરડી | ફૂંક | યોજન | ધોબી |
| ધણ | યાચના | યતીમ | ભેદભરમ | છાયા | કુઆ | ફૂટપટી | યોજના | ધોકો |
| ધગધગ | યાતના | ધિંગામસ્તી | ભેળપૂરી | ધારા | કુવારો | ફૂદડી | યોગદાન | ધોરી |
| ધડકણ | યાદ | ધીરજ | ભેળસેળ | યતી | કુદીનો | ફૂમતું | યોગસાધના | ધોરીડો |
| ધડકધડક | યાદવ | ધીમું ધીમું | ફેણ | ગાંધીજી | કુરસદ | ફુલેલું | યોગાનુંયોગ | ધોળવું |
| ધડબડ | ધજા | ધીરેધીરે | ફેફર | યાદી | કુલવડી | ફૂંફાડો | ધોળા-ધોળા | યોગાનુયોગ |
| ફટ-ફટ | ધારા | | ફેફસા | યારી | યુગ | | | |

DIET-RAJKOT

## વાચન કાર્ડ – ૭.૧ (વાચન) ભ, ય, ધ, ફ (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ઝ, હ, ઘ, ળ, ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

## શબ્દ વાચન – ૭.૧.૨ દિવસ - 07

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ફકીર | ધરા | ભગીરથ | ભાજી | ભાગદોડ | ધોકણ પાક | ધોકો કરવો | ગરમ ભાખરી |
| ફકીરી | ધડાધડ | ગાયન | ભગિની | ભાગોળ | ધોખેબાજ | ધોબીનો કૂતરો | ભેખ લેવો |
| ફગફગવું | ધારિયું | સાધન | ભીરુ | ભાગાભાગી | ધોલધાપટ | ફડાકા મારવા | ભેદ ફોડવો |
| ફગવું | ધડાકાભડાકા | મુસાફરી | ભીરુતા | ભાગીદાર | ધોળે દહાડે | ફાંકો રાખવો | ભોગ ધરવો |
| ફજેતો | ધગધગતું | યમુના | ફોન | ભાગેડું | ભોગાવો નદી | ફાટી પડવું | ભોપાળું નીકળવું |
| ફટકડી | ધકાધકી | ભમરડો | ફોરમ | ફોડવું | ધોમ ધખતો | ફેર ચડવાં | ધડો લેવો |
| ફટાફટ | ધડબડાટી | નફરત | ફોગટ | ફોલવું | ભૌમ | ફૂંકી ફૂંકીને ખાવું | ધારણ કરવું |
| ફટફટિયું | ધણધણાટી | ફટાકડાં | ફોટો | મોભો | ભૌમિક | ફૂલીને ફાળકો થવો | ધિરાણ કરવું |
| ફટાકડા | ધજાગરો | ધરમ | ધોધમાર | ફાયદો | ભૌગોલિક | ભાગલા પાડવા | ધીકતો ધંધો |
| ફટાફટ | ધખવું | ભયાનક | લોભી | ફાડવું | યૌવન | ભાગોળે દીવા કરવા | ધોંસ જમાવવી |
| ફાકેબાજ | ધારાધોરણ | ધરતી | ધણી | ધનોતપનોત | યૌગિકબળ | ધોતિયું માથે મૂકવું | ધોકો ધરવો |
| | | | | | ધારાવાહી | | |

DIET-RAJKOT

**વાચન કાર્ડ– ૭.૨** (ગતિ વાચન) ભ, ય, ધ, ફ (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ઝ, હ, ઘ, ળ, ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ) ો, ૌ ુ, ૂ)

## વાક્ય વાચન - ૭.૨.૧

**દિવસ - 07**

| | |
|---|---|
| છોકરાવ ભાગાભાગી કરે છે. | ધોબીનો ધોકો ધમધમ, કપડાં ધૂવાય ફટફટ. |
| મંદિર પર ધજા ફરકે છે. | લોભીનું ધન ધૂતારા લૂટે એ કહેવત સાવ સાચી છે. |
| ભાવના અને મયંક ભાગાકારના દાખલા ગણે છે. | દૂધનો દાજેલો છાસ ફૂંકી ફૂંકીને પીવે એ પણ કહેવત છે. |
| ભૌમિક ભૂગોળ વાંચે છે. | ધંધો ધીકતો ચાલે તો દાન-ધરમ પણ કરાય. |
| ભાવેશ અને ધારા ફટાકડાં ફોડે છે. | રમતમાં જીત મળે તો ધોંસ ન જમાવાય. |
| બહેન ગરમ ભાખરી ખાય છે. | ભાગલા પાડો અને રાજ કરો એ નીતિ અહીં નહી ચાલે. |
| ભેરુડાઓ ભેળા મળી ભમરડાં ફેરવે છે. | વખાણ સાંભળી કાગડો તો ફૂલીને ફાળકો બની ગયો. |
| અમે દરરોજ યોગ કરીએ છીએ. | મગર ભોપા જેવો હતો અને મગરી ભેજાબાજ હતી. |
| ફૂલની ફોરમ ચોતરફ ફેલાય છે. | મગર અને વાનરની ભેરુબંધી પાકી હતી. |
| ભારતીને સંગીતના સાધન વગાડતા આવડે છે. | ધનસુખભા વેફર બનાવવાનો ધંધો કરે છે. |
| ધોમધખતા તાપમાં મુસાફરો ઝાડના છાયે બેસે છે. | મહેનત કયારેય ફોગટ ન જાય, મહેનતનું ફળ મળે જ. |

<u>પ્રવૃત્તિ) વાકયો વાંચો અને એના જેવા બીજા વાક્યો બનાવો</u>. ૭.૧.૧ અને ૭.૧.૨ માં આપેલા શબ્દોનો ઉપયોગ કરીને વાક્યો બનાવો.

DIET - RAJKOT

## ફકરા વાચન - ૭.3(સાર્થ વાચન) ઝ, હ, ઘ, ળ, (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

### ફકરા વાચન – ૭.3.૧ દિવસ - 07

ભારતભરમાં બધા લોકો આનંદિત હતા. ગામેગામ સવારમાં ધજા ફરકાવવાનું આયોજન ચાલતું હતું. તે સમયે  અચાનક જ ધરતી ધણધણવા ધણધણવા લાગે છે. લોકો ફફડવા લાગે છે ને વિચારે છે કે, આ અચાનક જ માભૌમ કેમ ધણધણે છે ? ધરતીના ધીર ખૂટે કે માનવોના ધીર ! ધોળેદહાડે ધડાકાભેર મકાનો પડવા લાગે છે. એકે રાડ પાડી ને કીધું – ભાગો એલાવ, આ તો ધરતીકંપ છે અને લોકો ફટાફટ બચવા કાજે ભાગાભાગી કરવા લાગે છે. જે બાજુ નજર કરો તે જગાએ ભીડભાડ, ધકાધકી, ધડબડાટી. જાવું તો પણ કયા જવું ? લોકો તો ધોબીના કૂતરાંની જેમ ન ઘરના રહ્યા ન ઘાટના રહ્યા. ચો તરફ ભૂમિ ધણધણે. ઘરો-મકાનો ધડાધડ પડે. પળવારમાં ઘરો, મકાનોનું ધનોતપનોત નીકળી ગયું. ભૂમિ પર બધું જ વેરણ છેરણ અને ભેંકારતા. ધરતીકંપની ભયાનકતાએ લોકોમાં ધડક ફેલાવી દીધી.

નોંધ : ફકરા વાચન થયું છે કે નહીં તે જાણવા માટે સવાલ પૂછવા. આ ફકરામાં શેની વાત કરવામાં આવી છે ? ધરતીકંપ આવે ત્યારે શું શું થાય ? ધરતીકંપ આવ્યો ત્યારે બચવા લોકોએ શું કર્યુ? ધરતીકંપ સિવાય તમે કોઇ આફત અનુભવી છે ? જેમકે પૂર, વાવાઝોડું ..... તો તેના વિશે તમારા મિત્ર સાથે તેની ચર્ચા કરો અને એક ફકરો લખો.



DIET - RAJKOT

વાચન કાર્ડ – ૮.૧ (વાચન) શ, થ, ઠ, ઢ (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ઝ, હ, ઘ, ળ, ભ, ય, ધ, ફ ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

## શબ્દ વાચન – ૮.૧.૧

**દિવસ - 08**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| શક | થનગનાટ | શાકભાજી | થાક | શાબાશી | શીખ | શેરડી | શેર | ઠામઠેકાણું |
| શગ | થરથર | શાકાહાર | થાબડવું | શિકાર | શીખવું | શેક | શેરી | ઠેકાણું |
| શઢ | થરથરાટ | શાખ | થાનક | શિકારી | શીખવવું | શેખ | શેવાળ | ઠેકાણે |
| શકલ | ઠંડક | શાખા | થાળ | શિકોતર | શીતલ | શેખર | થથેડો | ઠેકો |
| શકન | ઠકઠક | શાણપણ | થાય | શિખંડ | શીતળામા | શેઠ | થેપલા | ઠેબું |
| શટર | શાળા | શાતા | થાપ | શિખર | શીશ | શેઠાણી | થેલી | ઠેલણગાડી |
| શટલ | નિશાળ | શાતાદાયક | થાપ મારવી | શિખામણ | શીશી | શેતરંજી | ઠેસી | વાગવી |
| શંખ | શાંત | શાનદાર | ઠાર | શિયાળ | શીળસ | શેતાન | ઠેક | ઠેસ ખાવી |
| થડ | શાક | શાપ | ઠાકર | શિયાળવી | નકશી | શેતૂર | ઠેકડી | શૈલેશ |
| થનથન | શાકપાન | શામત | ઠાઠમાઠ | શિલાખંડ | ઠીકરું | શેફાલી | ઠેકડો | શૈશવ |
| થનગન | શાબાશ | શારદા | ઠામ | શિલાલેખ | ઠીકઠાક | પાશેર | ઠેરઠેર | તાતાથૈ |
| ઠગ | ઠાર | શાસન | ઠામડાં | ઢિંગલી | કાશી | સવાશેર | ઠેશ | |

DIET RAJKOT

વાચન કાર્ડ – ૮.૧ (વાચન) શ, થ, ઠ, ઢ (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ઝ, હ, ઘ, ળ, ભ, ય, ધ, ફ ા,િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

## શબ્દ વાચન – ૮.૧.૨ દિવસ - 08

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| શંકર | શનિવાર | ઠગવું | ઠારવું | જઠર | શુક | શોખીન | શોધવું |
| શંખજીરુ | થડકાટ | ઠચૂકઠચૂક | ઠાવકું | કોશ | શુભ | ઠોબારું | શોધખોળ |
| શંખનાદ | થડકાર | ઠાગાઠૈ | ઠકરાણા | નિશા | શુકન | કઠોર | શોધાશોધ |
| શકટાસન | થડકો | ઠઠારો | ઠકરાણી | દિશા | શુકદેવ | નશો | શોભા |
| શકરપારા | થથરાટ | ઠરેલ | ઠાઠડી | આશા | શૂળ | નકશો | શોર |
| શકરી | થપાટ | ઠરીઠામ | ગાંઠ | પાઠ | શૂળી | શોક | શોરગુલ |
| શરીર | થરમૉસ | ઠરાવ | ગાંઠડી | પાઠશાળા | પશુ | શોખ | શૌનક |
| શીમળો | થાળી | ઠાકોર | કેશ | પાથરણું | પશુપતિ | શોધ | શૌરકથા |
| શીરોપૂરી | ઠંડી | ઠાકુર | કેશવ | પથરો | પશુપાલક | અશોક | ઠોકર |
| સાથીદાર | સાથે | હાથી | અથાણું | આથમણું | | હથોડી | ઠોઠ |

DIET - RAJKOT

**વાચન કાર્ડ– ૮.૨** (ગતિ વાચન) **શ, થ, ઠ, ઢ** (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ઝ, હ, ઘ, ળ, ભ, ય, ધ, ફ ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

## વાક્ય વાચન - ૮.૨.૧

**દિવસ - 08**

| | | |
|---|---|---|
| શાકનો ઢગલો. | પા પા પગલી, શાકની ઢગલી. | ડોશીમા ઠામડાં ઘસે છે. |
| ખાલી થાળી. | શીમળાનું થડ, સાથીદાર મને જડ. | ઠેલણગાડી ઠચૂક ઠચૂક ચાલે છે. |
| ભારે હથોડી. | જરકશી ઘાઘરો, પહેરે એનો ઠઠારો. | મંદિરમાં શંખ, ઢોલ અને નગારા વાગે છે. |
| નાની કુહાડી. | તું શેર તો હું સવાશેર. | પાથરણાં પાથરો ને ઢોલિયાં ઢળાવો. |
| લાંબી કોશ. | પાશેરામાં પૂણી, એવી એની જેઠાણી. | ઠામ ચૂલે ચઢાવો ને શીરો બનાવો. |
| અઢળક ધન. | એકડે એક, પાપડ શેક. | આજ રાધાના નાથ ઠાકોર ગઢમાં આવે છે. |
| અશોકના | આઠડે આઠ, લખજો પાઠ. | ઢોલ ઢમ ઢમ વાગે છે. |
| શિલાલેખ. | ફૂલગુલાબી ઠંડી, શકરાએ ચઢાવી બંડી. | ઢિંગલી થનનન થનનન નાચે છે. |
| ગાયના શિંગડા | સૂરજ આથમણી દિશામાં ઢળે છે. | શીલા શણગાર કરે છે. |
| | હરણાં ઠૂમકઠૂમ થનગને છે. | શેરડીના સાઠાં, ઠગ બી ને નાઠાં. |

પ્રવૃત્તિ) વાકયો વાંચો અને એના જેવા બીજા વાક્યો બનાવો. ૭.૧.૧ અને ૭.૧.૨ માં આપેલા શબ્દોનો ઉપયોગ કરીને વાક્યો બનાવો.



DIET - RAJKOT

## ફકરા વાચન-૮.૩(સાર્થ વાચન) શ, થ, ઠ, ઢ (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ઝ, હ, ઘ, ળ, ભ, ય, ધ, ફ ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ

## ફકરા વાચન – ૮.૩.૧ દિવસ - 08

વાત છે અશોક અને કેશવની. અશોક અને કેશવ એક-મેકના પાકા સાથીદાર. શકલે બંને સરખા લાગે. અશોક ભણવામાં ઠીકઠાક પણ તોફાનમાં શેતાની. કેશવ શાંત, કોઠાસૂઝ ધરાવતો ઠરેલ અને શાણો. તે બંનેને શાક-શીરો-ઢેબરાં, ઢોસા, ઢોકળાં, શકરપારા, શેતુર, શેરડી, કાશીબોર, શરબત અને અથાણા બહુ ભાવે. બંને સાથે રહે, સાથે હરે ફરે ને મોજ કરે. બંનેને શોધખોળ કરવાનો શોખ.

વાત છે એ શનિવારની, નિશાળ વહેલી છૂટી. અશોક અને કેશવે દફતરની થેલી હાથમાં પકડી ને હડી કાઢતાં, ઠેકડાં મારતા મારતા સાથે વાડીએ નાઠા. અશોક મનમાં બબડતો હતો, કે હાશ, આજ લેશન નથી. કેશવ ખુશ થતો વિચારતો હતો કે આજે વાડીએ શાક-બકાલું તોડીશું, ઢગલાં કરીશું ને રાતે રીંગણ શેકી ભડથું બનાવીશું. એવામાં મારગમાં શીમળાના ઝાડ પાસે શિયાળ-શિયાળવીને દીઠાં. થોડીવાર તો બંને થરથરાટ સાથે એકમેકને જોતા રહે છે. ઘડીક તો બંને ગડમથલમાં કે શું કરવું? અશોકની આંખ આસપાસ શોધખોળ કરવા લાગી. તેને કોશ દેખાણી. તે ઝડપથી નીચે વળે છે. એક હાથમાં કોશ અને બીજા હાથમાં પથરો પકડી લે છે. સાથે સાથે બબડે છે કે હમણાં આ શિયાળને પાઠ ભણાવું.....

**નોંધ : ફકરા વાચન થયું છે કે નહીં તે જાણવા માટે સવાલ પૂછવા. આ ફકરામાં કોની વાત** કરવામાં છે? અશોક અને કેશવ વચ્ચે શું ફેર હતો? બંને વચ્ચે કઇ બાબતો સરખી હતી? ડાહ્યો ડમરો એમ કહેવા કયા શબ્દો વાપરેલ છે? તમને શું લાગે છે શિયાળને જોઇ અશોક અને કેશવે આગળ શું કર્યું હશે .... ફકરો પૂરો કરો.

DIET-RAJKOT

**વાચન કાર્ડ – ૯.૧ (વાચન) ષ, ઇ, ઈ, ઉ, ઊ** (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ઝ, હ, ઘ, ળ, ભ, ય, ધ, ફ, શ, થ, ઠ, ઢ ◌ા,◌િ ◌ી, ◌ે ◌ૈ, ◌ો, ◌ૌ ◌ુ, ◌ૂ)

## શબ્દ વાચન – ૯.૧ દિવસ - 09

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ઇસ | ઈસપ | ઉગમ | ઉમદા | ઊજડ | ષટ | સઇ | ષોડશ | ઇંચ |
| ઇજન | ઈશ | ઉતરણ | ઉગમણું | ઊટ | ષટક | ગઇ | ષોડશકલા | ઇંડિયા |
| ઇલમ | ઈશા | ઉપર | ઉખાણું | ઊન | ષટકોણ | ફઇ | ઉષા | ઈંટ |
| ઇસમ | ઈસુ | ઉપવન | ઉગાડવું | ઊલ | શેષ | ફઇબા | તોષા | ઈંધણ |
| ઇકરાર | ઈદ | ઉટ | ઉભરાવવું | ઊઠ | અવશેષ | ભાઇ | પોષ | ઈંતડી |
| ઇજાજત | ઈદી | ઉપમા | ઉમેરવું | ઊઠા | અષાઢ | ખાઇ | પોષીપૂનમ | ઉંદર |
| ઇદડા | ઈદગાહ | ઉતારા | ઉઘરાણું | ઊણપ | કુષાણ | જોઈએ | દૂષણ | ઉંબર |
| ઇતિહાસ | ઈતિ | ઉદાર | ઉઘાડવું | ઊધઇ | કોષ | જોઈતું | નિષેધ | ઉંમર |
| ઇકોતેર | ઈડલી | ઉઠાવ | ઉજાગરો | ઊપજ | વિષ | જોઈશ | પુરુષ | ઊંચક |
| ઇકબાલ | ઈજા | ઉપાસક | ઉપાડો | ઊલટ | વિષાદ | જોઈલેવું | ભાષણ | ઊંચું |
| ઇજા | ઈમાન | ઉપાસના | વેચાઉ | ઊતરવું | રોષ | માસીયાઇ | મુષક | ઊંધું |
| ઇજારો | ઈશાન | ઉછેર | | ઊંઘ | દોષ | | | ઊંધિયું |

DIET-RAJKOT

**વાચન કાર્ડ– ૯.૨** (ગતિ વાચન) **ષ, ઇ, ઈ, ઉ, ઊ** (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ઝ, હ, ઘ, ળ, ભ, ય, ધ, ફ, શ, થ, ઠ, ઢ ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

## વાક્ય વાચન - ૯. ૨.૧ દિવસ - 09

| | |
|---|---|
| ઘેટું ઊન આપે છે. | પોષી પોષી પૂનમડી, પોષા બેનના વ્રત. |
| ઊંટ ઊંચું હોય છે. | ભાઇની બહેન રમે કે જમે ? |
| ગણેશનું વાહન મૂષક. | શાળામાં ઇસપની વાર્તાની ચોપડીઓ છે. |
| મૂષક એટલે ઉંદર. | ઉમેદને ઇતિહાસ વિષય ગમે છે. |
| ઊધઇ લાકડું કોતરે છે. | તોષાને ઉપવન ગમે છે. |
| ઉંદરભાઇ પાંજરામાં પૂરાયા. | ઈશાનને ઉંધિયું ભાવે છે. |
| ઈશા ઈશને નમન કરે છે. | ભાઇને ઉપમા, ઇડલી ને ઈદડાં ભાવે છે. |
| ઉપાસનાને આજ ઉપવાસ છે. | ઉષા ઊઠ-બેસ કરે છે. |
| ઇકબાલભાઇને આજે ઈદ છે. | ઈમરાન ઊલ ઉતારે છે. |
| સૂરજ ઉગમણે ઊગે છે. | આ ચોપડીઓ વેચાઉ નથી. |

DIET - RAJKOT

## ફકરા વાચન-૯.૩ (સાર્થ વાચન) ષ, ઇ, ઈ, ઉ, ઊ (ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ, પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ, ઝ, હ, ઘ, ળ, ભ, ય, ધ, ફ, શ, થ, ઠ, ઢ ા, િ ી, ે ૈ, ો, ૌ ુ, ૂ)

## ફકરા વાચન – ૯.૩.૧ દિવસ - 09

પોષ મહિનાની કડકડતી ઠંડી. હું ઇશાન, ઉમા, ઉષા અને તોષા ઉપરની મેડીએ હતા. આવતીકાલે ઉપવનમાં પતંગ લઇને જવાનું છે એ વિચાર કરતા કરતા ગોદડાં ઓઢી ઢબૂરાઇ ગયા હતા. હજું ઊંઘ આવું આવું થતી હતી. એવામાં રસોઇ ઘરમાંથી ખળભળાટ થયો. નીચે જઇને જોયું તો ઇડલીનું ખીરું ઢોળાઇ ગયેલ. એવામાં મોટાભાઇ અને ફઇ પણ ઉતર્યા. ઇડલીનું ખીરું ઢોળાઇ ગયેલું જોઇ ફઇબા રોષે ભરાયાં. આ કોણે કર્યું ? અમારા કોઇની બોલવાની હિંમત ના થઇ. પણ તોષા ધીરેકથી બોલી, લાગે છે કે, ઉંદર ઉપર મીનીબેને તરાપ મારી હશે. તોષા ઉંમરમાં અમારાથી નાની. અમારા મામા-ફઇના ભાઇ-બહેનમાં સૌથી નાની ને પાછી સૌની લાડકડી. ફઇબા અને મોટાભાઇની તો ખાસ લાડકડી. મેં કીધું 'હેં... કાલે ઈડલી નહીં બને ?' મોટાભાઇ બોલ્યા, 'ના ઉમેદ, કાલે ઇડલી નહીં બને. ઉપવનમાં જમવાનું લઇ જવા બીજું કઇક વિચારવું પડશે'. ફઇબાએ કીધું વાંધો નહીં, 'આવતીકાલે આમ પણ ઉત્તરાયણ છે. ઉંધિયું-પૂરી બનાવી લઇ જઇશું'... આટલું કહી ફઇબા વિચારમાં પડી ગયા.....

**નોંધ : ફકરા વાચન થયું છે કે નહીં તે જાણવા માટે સવાલ પૂછવા. આ ફકરામાં કોની** વાત કરવામાં છે? આ ફકરામાં હું એટલે કોણ? ઉમેદને કેટલા ભાઇ અને બહેન છે? ઉપવનમાં શા માટે જવાનું હશે ? તમને શું લાગે છે ઇડલીનું ખીરું કઇ રીતે ઢોળાયું હશે ? તમે ઉમેદની જગ્યાએ હોવ તો શું વિચારો ? તમને શું લાગે છે કે ફઇબા શું વિચારતા હશે ? આગળ ઉપવનમાં શું કર્યું હશે તે વિચારો અને લખો. .... ફકરો પૂરો કરો.



DIET-RAJKOT

## વાચન કાર્ડ – ૧૦.૧ (વાચન) જોડાક્ષર અને વિશિષ્ટ અક્ષર ક્ષ, જ્ઞ, ત્ર, શ્ર તથા સ્વર ઋ

### જોડાક્ષર ક્ષ, જ્ઞ, ત્ર, શ્ર — શબ્દ વાચન – ૧૦.૧.૧ — દિવસ - 10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્ષણ | ક્ષાર | જ્ઞાન | ત્રણ | ત્રિપુંડ | શ્રમ | શ્રીમાન | શિક્ષક | સાક્ષર |
| ક્ષણભર | ક્ષિતિજ | જ્ઞાની | ત્રાણું | ત્રિદોષ | શ્રવણ | શ્રીમતિ | શિક્ષણ | સક્ષમ |
| ક્ષય | ક્ષીણ | જ્ઞાત | ત્રાડ | ત્રિશૂલ | શ્રવણયંત્ર | શ્રીજી | પરીક્ષણ | અક્ષમ |
| ક્ષમતા | ક્ષીર | જ્ઞાતિ | ત્રાટક | ત્રિરાશિ | શ્રાધ | શ્રુતિ | પરીક્ષા | મંત્રી |
| ક્ષમા | ક્ષુધા | જ્ઞાતિજન | ત્રાટકવું | ત્રીજું | શ્રાપ | શ્રેય | રીક્ષા | મિત્ર |
| ક્ષમાપન | ક્ષેત્ર | જ્ઞાનકોશ | ત્રાગું | ત્રેવડ | શ્રીફળ | શ્રુતલેખન | દક્ષ | પત્ર |
| ક્ષમાવાન | ક્ષેત્રફળ | જ્ઞાનતંતુ | ત્રિકમ | ત્રુટિ | શ્રીખંડ | શ્રમયજ્ઞ | દક્ષા | પત્રકાર |
| ક્ષતિ | ક્ષેપક | અજ્ઞાન | ત્રિકોણ | સત્ર | શ્રીમંત | શ્રોત્ર | કક્ષા | પાત્ર |
| ક્ષત્રિય | ક્ષેમકુશળ | અજ્ઞાની | ત્રિપુટી | સત્રાંત | શ્રી | શ્રોતા | સંજ્ઞા | સૂત્ર |
| ક્ષત્રિયાણી | ક્ષોભ | આજ્ઞા | ત્રિફલા | | | | સમીક્ષા | વિજ્ઞાન |
| ક્ષણિક | ક્ષોણિત | | | | | | દિક્ષા | વિજ્ઞાની |

DIET-RAJKOT

## વાચન કાર્ડ – ૧૦.૧ (વાચન) જોડાક્ષર અને વિશિષ્ટ અક્ષર ક્ષ, જ્ઞ, ત્ર, શ્ર તથા સ્વર ઋ

**જોડાક્ષર** **શબ્દ વાચન – ૧૦.૧.૨** દિવસ - 10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અચ્ચર | અન્ના | નક્કર | મમ્મી | રબ્બા | પપ્પુ | કૃતિ | કર્મ | સ્ટેશન |
| કચ્ચર | રન્ના | ચક્કર | મલ્લ | અબ્બા | અપ્પુ | આકૃતિ | વર્ષ | પુષ્કળ |
| ખચ્ચર | ગન્ના | પત્તર | લસ્સી | અમ્મા | અબ્બુ | પ્રકૃતિ | આકર્ષક | કચ્છ |
| બબ્બર | કન્ના | સત્તર | છગ્ગી | ખમ્મા | ગબ્બુ | કૃતિકા | આશીર્વાદ | કલ્પના |
| જબ્બર | જન્નત | છત્તર | જપ્પી | છપ્પા | ઢબ્બુ | કૃષ્ણ | પાર્થ | રાજસ્થાન |
| ગબ્બર | ઉન્નત | અત્તર | ગપ્પી | છમ્મા | ડબ્બુ | કૃપાળું | અર્થ | સ્નેહ |
| લખ્ખણ | મન્નત | ઉત્તર | પપ્પી | છબ્બા | ચોખ્ખું | આકૃતિ | સાર્થક | સ્વચ્છ |
| દખ્ખણ | બૌદ્ધ | દત્તક | ડબ્બી | ગપ્પા | ગુસ્સો | પ્રાકૃત | પૂર્વ | સ્વચ્છતા |
| ગમ્મત | બૌદ્ધિક | ચિત્તો | જસ્સી | ડબ્બા | જુસ્સો | પ્રવાસ | અર્જુન | આત્મા |
| સધ્ધર | પદ્ધતિ | સત્તા | બચ્ચી | કચ્ચા | બસ્સો | પ્રવેશ | ધર્મ | ત્યાગ |
| અધ્ધર | છદ્દ | વત્તા | સચ્ચી | બચ્ચા | કિલ્લો | પ્રથમ | રાષ્ટ્ર | ખ્યાલ |
| ખપ્પર | મદ્દ | પત્તી | પસ્તી | સચ્ચા | જિલ્લો | ક્રિયા | રાષ્ટ્રધ્વજ | વ્યાસ |

DIET - RAJKOT

વાચન કાર્ડ- ૧૦.૨ (ગતિ વાચન) જોડાક્ષર અને વિશિષ્ટ અક્ષર ક્ષ, જ્ઞ, ત્ર, શ્ર તથા સ્વર ઋ

## વાક્ય વાચન - ૧૦.૨.૧ દિવસ - 10

| | |
|---|---|
| શ્રુતિ શ્રીફળ વધેરે છે. | ઋષિ યજ્ઞ કરે છે. |
| શ્રાવણ પવિત્ર માસ છે. | લવ-કુશ આશ્રમમાં મોટા થયાં. |
| ખેડૂત શ્રમ કરે છે. | ઋષિકુમારો ઘોડાને આશ્રમમાં લઇ ગયા. |
| પક્ષીઓ ચણ ચણે છે. | હરણનાં બચ્ચાએ પારધીને વિનંતી કરી. |
| ગુરૂ કથા કરે છે. | ત્રેવડ હોય તેટલી ચાદર લંબાવાય. |
| શ્રોતા કથા શ્રવણ કરે છે. | ક્ષમા આપવી એ વીરનું આભૂષણ છે. |
| જ્ઞાન જીવનમાં ખૂબ ઉપયોગી છે. | પક્ષીઓએ વૃક્ષો પર માળા બનાવ્યા હતા. |
| આજે અમારી પરીક્ષા છે. | વાંદરાઓએ પથ્થર ઘસી અગ્નિ પેટાવ્યો. |
| જ્ઞાન વહેચવાથી વધે. | અલ્પા કલ્પના ચાવલાની જેમ વૈજ્ઞાનિક બનવા માંગે છે. |

DIET RAJKOT

વાચન કાર્ડ– ૧૦.૨ (ગતિ વાચન) જોડાક્ષર અને વિશિષ્ટ અક્ષર ક્ષ, જ્ઞ, ત્ર, શ્ર તથા સ્વર ઋ

## વાક્ય વાચન - ૧૦.૨.૨ દિવસ - 10

DIET-RAJKOT

| | |
|---|---|
| અમે પ્યાર બાળ ભારતનાં,<br>નિસર્ગ તરફ મારગનાં,<br>સૌની સાથે રહી આ જગમાં,<br>શાંતિ-શૌર્ય અને માં ભોમના રખવાળા<br>અમે પ્યારા ......<br>શુદ્ધ, બુદ્ધ અને યુદ્ધ સાથે રહેનારા,<br>નવ-યુગ સાથે ચાલનારા,<br>કરતાં-કરતાં ક્રિષ્ન-રામ લિલા,<br>આનંદ-વિનોદથી રહેનારા.<br>અમે પ્યારા ...... | શ્રીકૃષ્ણ દ્વારિકા નગરીનાં રાજા છે.<br>કૃષ્ણનો રંગ શ્યામ છે.<br>ખ્રિસ્તીઓ દેવળમાં જાય છે.<br>મુસ્લિમો મસ્જિદમાં જાય છે.<br>મચ્છર કરડવાથી મેલેરીયા થાય છે.<br>બાળક નરેન્દ્ર ખૂબ જ બુદ્ધિશાળી અને કહ્યાગરો હતો.<br>મૂર્તિઓ બનાવનાર શિલ્પી આબેહૂબ મૂર્તિઓ બનાવતો.<br>વર્ષાના આગમન પૂર્વે આકાશમાં ઘનઘોર વાદળો ચડી આવે છે. |

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com

વાચન કાર્ડ– ૧૦.૩ (સાર્થ વાચન) જોડાક્ષર અને વિશિષ્ટ અક્ષર ક્ષ, જ્ઞ, ત્ર, શ્ર તથા સ્વર ઋ

## ફકરા વાચન - ૧૦.૩.૧

દિવસ - 10

શ્રવણના માતા-પિતા અંધ હતા. શ્રવણ માતા-પિતાનો ભક્ત દીકરો હતો. શ્રવણે અંધ માતા-પિતાને કાવડમાં બેસાડી યાત્રા કરાવી હતી. દશરથના શસ્ત્રથી શ્રવણના પ્રાણ ગયા હતા. શ્રવણના માતા-પિતાએ દશરથરાજાને શ્રાપ આપેલ હતો કે પુત્ર વિયોગથી તમારુ મૃત્યું થશે.

---

વાત્રકનગરમાં આનંદમેળો હતો. બધાં મેલાની વતો કરતાં હતાં. વાત્રકનગરમાં આશિષ સોસાયટી હતી. તેના બંગલા નંબર ત્રણમાં યજ્ઞ રહે. તે પણ એના દાદા ત્રિકમદાસ સાથે આનંદમેળામાં ગયો. તે બહુ ખુશ થયો.

---

સિંહનું બચ્ચું સોનુ અને હરણનું બચ્ચું મોનુ બન્ને પાક્કાં મિત્ર. થોડીવાર પણ એકબીજા વિના ન ચાલે. બન્ને પાછા મનમોજી પણ ખરા ! આખો દિવસ જંગલમાં ઉછળકૂદ કર્યા કરે, આમ-તેમ દોડ્યા કરે અને રમ્યા કરે. એક દિવસ સોનુની માએ તેને સમજાવ્યું કે, ‘તું અને મોનુ બન્ને અલગ છો.’ તો સોનુએ કહ્યું, ‘ તે માતો પાક્કો ભાઇબંધ છે. હું હંમેશા તેનું ધ્યાન રાખીશ.’



DIET - RAJKOT

www.wingofeducation.com Page-048